PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૬/કવા–૦૩/૧૮–૧૯/ 10789-6 તા. 14-12-18

રજી. એડી પત્ર

પ્રતિ,
ડોનેટો વીટ્રીફાઈડ પ્રા.લી.,
લખધીર પુર રોડ,
લખધીરપુર ગામ ની સામે
<u>૮–અ નેશનલ હાઈવે,</u>
<u>મોરબી – ૩૬૩૬૪૨</u>
મો: ૯૦૯૯૯ ૩૭૫૦૧

**વિષય :–ઈલેક્ટ્રીસીટી ડયુટી અને પાવર ફેક્ટર બાબત**
**<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૧૦–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૬/કવા–૦૩/૧૮–૧૯)</u>**

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)**

**<u>નકલ રવાના :</u>**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી**
**<u>(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી</u>**

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૬/કવા–૦૩/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૦૨–૧૧–૧૮ સ્થળ : મોરબી

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: ડોનેટો વીટ્રીફાઈડ પ્રા.લી., ગામ: મોરબી

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે વી.વી. પટેલ હાજર રહેલ છે.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : મોરબી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી)

રજુઆત કરનાર :એન.ડી.પનારા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, મોરબી

## : હુકમ :

**ફરીયાદ : ઈલેક્ટ્રીસીટી ડયુટી અને પાવર ફેક્ટર બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | (૧) વિદ્યુત શુલ્ક સમાહર્તા કચેરી દ્વારા વીજધારા એક્ટ–૧૯૫૮ અન્વયે અપાયેલ સરક્યુલર –જે જીયુવીએનએલ દ્વારા બધીજ વીજ કંપની માં પ્રવર્તમાન મા રહેલ છે, તે મુજબ – સ્ટાફ કવાટર મા રહેણાંક ના હેતુ માટે ૧૦% ના દરે વીજકર ની આકારણી તા.૦૧–૦૪–૦૭ થી તા.૩૧–૦૩–૧૨ મુજબ કરવી. ત્યારબાદ, ઘટીને ૧૦% માથી ૭.૫ % કરાયેલ, પરંતુ, પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા વીજકર ૧૫% ના દરે વસુલ કરવામા આવે છે. વીજકર ની રકમ –સ્ટાફ કર્વાટર મા ૭.૫ % અને ફેક્ટરી અને ઓફિસ લાઈટીગ મા ૦% પ્રમાણે વીજકર આકારવી, આમ, જે વધુ વસુલ કરેલ વીજકર ની રકમ રીફંડ મેળવવા માટે –<br>(૨) ટેરીફ ઓર્ડર તા.૧૪–૦૬–૨૦૦૨ – પારા નં.–૧૪.૨ મુજબ – ગ્રાહક ના વીજ સ્થાપન યુનીટ માં પાવર ફેક્ટર ૯૫% થી વધુ કોઈપણ મહિનામાં હોય તો –૯૫% કરતા વધુ નોંધાયેલ પાવર ફેક્ટર ઉપર ના દરેક ૧% ના વધારા ઉપર જે તે બીલમાં એનર્જી ચાર્જ ની રકમ ઉપર – ૦.૫% વળતર મેળવવાને પાત્ર હોય છે. પરંતુ, પાવર ફેક્ટર નુ વળતર મેળવવા ની ગણતરી પીજીવીસીએલ કંપની દ્વારા ખોટી રીતે કરવામા આવે છે. જેથી, તેઓને નાણાકીય નુકશાન થાય છે. આમ, નિયમાધીન રીતે ઈલેક્ટ્રીસીટી ડયુટી અને પાવર ફેક્ટર નુ વળતર મેળવવા માટે – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | અરજદાર ના પ્રતિનીધી દ્વારા ફોરમ કમિટી ની મીટીગ: તા. ૦૨–૧૧–૧૮ મા કરાયેલ લેખીત રજુઆત મુજબ – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૨/૨૦૧૧ ના મુદદા નં. ૨.૩૦(૩) અન્વયે ૦૨ વર્ષ ની અંદર રીફંડ માટે ની માંગણી કરેલ હોય – જેથી, તેઓની માંગણી વ્યાજબી છે. ઉપરોક્ત મુદદા નં. ૧.૧ ના પેટા મુદદા નં. (૧) મુજબ ની વિગતે જણાવવાનુ કે – સદર સમાન બાબતે પીજીવીસીએલ ની અન્ય કચેરીમાં વીજકર ની માફી ઓફિસ લાઈટીગ તથા ફેક્ટરી લાઈટીગ ના વીજવપરાશ પર વીજકર વસુલવામા આવતો નથી. જેમકે, (૧) મે. ગોપીનાથ પેપરમીલ પ્રા.લી. ગ્રાહક નં.–૧૭૬૧૫ સુરેન્દ્રનગર અને મે. એવરેસ્ટ સ્ટાર્ચ પ્રા.લી. ગ્રાહક નં.–૧૮૬૨૯ સુરેન્દ્રનગર. વધુમાં પાવર ફેક્ટર મા પોઈન્ટ પછી ના ત્રણ અંક ગણતરીમાં લેવામા આવે છે. જેમા પોઈન્ટ પછી ના ચોથા અંકની રકમ ૦૫ કે તેથી વધુ હોય તો નિયમાધીન રીતે આગળ ના અંક મા એક પોઈન્ટ ઉમેરવાનો થતો હોય – તેમ છતા વિભાગીય કચેરી દ્વારા સદર બાબત ધ્યાનમાં લેવામા આવતી નથી. જેથી, આર્થિક નુકશાન થાય છે. આમ, નિયમાધીન રીતે ઈલેક્ટ્રીસીટી ડયુટી અને પાવર ફેક્ટર નુ વળતર મેળવવા માટે – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૨.૧</u> | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, ગ્રાહક શ્રી ડોનેટો વીક્ટ્રીફાઈડ પ્રા. લી.ગ્રાહક નં. ૨૬૭૮૯ કે.વી.એ. ૨૦૦૦ ડેઈટ ઓફ કનેક્શન તા. ૧૧.૦૩.૨૦૧૧ છે.<br>(૧) GERC રેગ્યુલેશન ૨૦૧૧ ના નોટીફિકેશન નં. ૦૨/૨૦૧૧ ના મુદ્દા નં. ૨.૩૦ (iii) મુજબ ની વિગતે ફરિયાદ નુ કારણ ઉભું થાય તે તારીખ થી ૨ વર્ષ પછી ફરિયાદ નોંધણી કરે તો તેવા કિસ્સા માં ફોરમે કાઈ કરવાનું રહેતું નથી. ગ્રાહક દ્વારા સીજીઆરએફ માં રિફંડ માટે ની અરજી તા ૦૧.૧૦.૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે જે ૨ વર્ષ થી પહેલા ના રીફંડ માટે ની અરજી છે. સદર કેસ માં પણ ૨ વર્ષ પહેલા ની પી.એફ. તેમજ ઈ.ડી.વધુ વસુલ કરેલ ની માંગણી હોય ફોરમ માં આ કેસ ચલાવવા નુ કોઈએ કારણ રહેતું નથી.<br>(૨)ગ્રાહક ને ઈ.ડી.સર્ટિફિકેટ માં જણાવ્યા મુજબ ઈન્ડ. કનેક્શન તેમજ ફેકટરી લાઈટીંગ માં ઈ.ડી. ફ્રી આપવામાં આવે છે .બાકી તમામ કનેક્શન માં એચ.ટી. માં ૧૫% ઈ.ડી. લેવાપાત્ર છે.આમ છતાં જો ખોટી ઈ.ડી. લેવાતી હોય તો આ અંગે ઈ.ડી.કલેકટર ગાંધીનગર અરજી કરી શકે છે અને તેઓના કલેરીફિકેશન મુજબ અમે ગ્રાહક ને જે નિર્ણય આવશે તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે.<br>(૩) પી.એફ. ચાર્જ ની ગણતરી ટેરિફ મુજબ જ અમારી હેડ ઓફીસ પ્રોગ્રામ બનાવી રીફંડ આપે છે તે પ્રમાણે અમારે ફક્ત યુનિટ જ અપલોડ સિસ્ટમમાં કરવાના હોય છે બિલિંગ પ્રોગ્રામ મુજબ બને છે તેથી પી.એફ નુ રીફંડ આ રીતે આપવામાં આવે છે . જી.ઈ.આર.સી. ના વખતો વખતના ટેરિફ ઓર્ડર મુજબ પી.એફ.રીફંડ આપવામાં આવે છે.પી.એફ. ૦.૯૫૦ થી ૧.૦૦ સુધી આવે તો એનર્જીચાર્જ ના હેડ નીચે આવતી રકમ ના ૦.૫ % પી.એફ.રીબેટ આપવામાં આવે છે.<br>(૪) આમ ઉપર મુજબ મે. ડોનેટો વીક્ટ્રીફાઈડ પ્રા. લી., ગ્રા. નં. ૨૬૭૮૯ એચ.ટી. કનેક્શન માં ઈ.ડી. તેમજ પી.એફ. રીફન્ડ માંગેલ છે તે રીફંડ આપવા પાત્ર થતું નથી . |

<u>મુદદા નં.–૩ :</u> **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | પીજીવીસીએલ પક્ષકાર તરફથી રજુ કરાયેલ વીજકર માફી ના સર્ટીફીકેટ ફોર્મ – એફ મુજબ – ડોનેટો વીટ્રીફાઈડ પ્રા.લી., ગામ: મોરબી ગ્રા. નં. ૨૬૭૮૯ કે.વી.એ. ૨૦૦૦ ( ડેઈટ ઓફ કનેક્શન તા. ૧૧.૦૩.૨૦૧૧) ને વીજધારા એક્ટ–૧૯૫૮ – સદર જગ્યાનો ઓર્દ્યોગીક હેતુ માટે થતા વીજવપરાશ પર – જેમા ઘરવપરાશ , વાણીજ્ય, સ્પોર્ટસ ક્લબ, લાઈબ્રેરી કેન્ટીન તેમજ અન્ય હેતુ સીવાય ના વીજવપરાશ પર તા.૧૬–૦૬–૧૧ થી તા.૧૨–૦૪–૧૬ સુધી વીજકર માફી આપવાનુ જણાવેલ છે. તેમજ તા.૧૧–૦૩–૧૧ થી તા.૧૧–૦૪–૧૧ સુધી સદર વીજજોડાણ મા કરાયેલ કુલ વીજવપરાશ ઉપર ૨૫% વીજકર વસુલવો. વધુમા રહેણાંક અને કેન્ટીન મા કરાયેલ વીજવપરાશી યુનીટ ઉપર વીજકર ની ગણતરી વીજધારા એકટ ના શેડયુલ–૧ મુજબ વસુલ કરવી.<br>વિદ્યુત શુલ્ક સમાહર્તા ની કચેરી ના પત્ર નં. – ૫૫૮૩–૯૩ તા.૦૫–૦૪–૧૨ અન્વયે – ગુજરાત એક્ટ નં.–૫/૧૨ ના પાર્ટ–૧ ના પેટા કલમ–૧ મુજબ – રેસીડેન્સીયલ ગ્રાહકો – ગ્રામ્ય વિસ્તાર માટે ૭.૫ % અને શહેરી વિસ્તાર માટે ૧૫% વસુલ કરવાનો આદેશ છે. સદર એચ.ટી કનેક્શન નં ૨૬૭૮૯ જો ગ્રામ્ય વિસ્તાર હેઠળ આવતુ હોય અને તે હૈયાત યુનીટ ના Residential Quarters ના વીજ વપરાશ માટે અરજદારે – વીજજોડાણ લેતી વખતે પ્લાન એપ્રુવલ મા દર્શાવેલ હોય – અને અલગ થી લાઈટીંગ સબ મીટર લગાડેલ હોય અને જેની લેખીત જાણકારી સબંધક પીજીવીસીએલ ની કચેરીમાં તેમજ સદર સબ મીટરનુ ટેસ્ટીગ અને સીલીગ પીજીવીસીએલ દ્વારા કરાયેલ હોય અને અલગ થી લાઈટીંગ સબ મીટર લગાડેલ હોય અને જેની લેખીત જાણકારી સબંધક પીજીવીસીએલ ની કચેરીમાં કરાયેલ હોય તેમજ સદર સબ મીટરનુ ટેસ્ટીગ અને સીલીગ પીજીવીસીએલ દ્વારા કરાયેલ હોય અને પીજીવીસીએલ દ્વારા સદર |

મીટરો ના વીજવપરાશી યુનીટ ની નોંધણી થયેલી હોય અને રેકર્ડ ઉપલબ્ધ હોય તો – નોટીફિકેશન નંબર: ૦૨/૨૦૧૧ ના મુદ્દા નં. ૨.૩૦(૩) મા કરાયેલ જોગવાઈ અન્વયે – અરજદારે તા.૧૪–૦૯–૧૮ ના રોજ ની લેખીત રજુઆત થી છેલ્લા ૦૨ વર્ષ સુધી માં સદર મીટર ના મીટર રીડીંગ – બીલીંગ સાયકલ મુજબ થયેલ વીજવપરાશ મુજબ – જે તે સમય ના લાગુ પડતા વિદ્યુત શુલ્ક ની રકમ મુજબ વસુલ કરી શકાય – વધુમાં સદર બાબતે અરજદાર ને વીજકરને લગતી કોઈ તકરાર રહેતી હોય – તો વિદ્યુત શુલ્ક સમાહર્તા કચેરી – ગાંધીનગર ને મુખ્ય સતા હોય – ત્યા અલગ થી રજુઆત કરવાની રહેતી હોય છે.

**૩.૨** અરજદાર ની રજુઆત મુજબ વીજબીલ માં – પાવર ફેકટર પેનલ્ટી / રીબેટ ટેરીફ કલોઝ પેરા નં. ૧૪.૬.૨ મુજબ – ગણતરી કરવી જોઈએ. જે અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ કે – જીઈઆરસી ના સપ્લાય કોડ મુજબ– પીએફ રીબેટ દર વીજબીલ મા નાઈટ રીબેટ એનર્જીચાર્જ માથી બાદ કરીને પછી ના એનર્જીચાર્જ ઉપર ૦.૫% રીબેટ આપવામા આવે છે, જે પીજીવીસીએલ ના પ્રવર્તમાન મા રહેલ નિયત ટેરીફ મુજબ ની તથા જી.યુ.વી.એન.એલ દ્વારા એચ.ટી બિલ ગણતરી ની જે ફોર્મ્યુલા મંજુર કરવામાં આવેલ છે તે મુજબ ની છે. સદર બાબતે – ટેરીફ વર્ષ–૨૦૧૮–૧૯ ના એનેક્ષર ના પેરા નં. પાવર ફેકટર રીબેટ – ૧૪.૬.૨ મુજબ – ''If the power factor of the consumer"s installation in any month is above 95%, the consumer will be entitled to a rebate at the rate of 0.5% (half percent) in excess of 95% power factor on the total amount of electricity bill for that month under the head "Energy Charges", arrived at using tariff as per para 14.2 of this schedule, for every 1% rise or part thereof in the average power factor during the month above 95%. ''

સદર કેઈસ મા, એચ.ટી બિલ ગણતરી ની ફોર્મ્યુલા જી.યુ.વી.એન.એલ દ્વારા મંજુર કરવામાં આવેલ છે, તેમજ ટેરીફ વર્ષ–૨૦૧૮–૧૯ ના એનેક્ષર મુજબ– અરજદાર ને આપવામા આવતા વીજબીલ માં કુલ એનર્જીચાર્જ ની રકમ માથી નાઈટ રીબેટ ની રકમ બાદ કર્યા સીવાય – પી.એફ.રીબેટ ની ગણતરી થવી જોઈએ. આમ, વીજબીલ ની ગણતરીનાં અર્થઘટન માં જો ક્ષતિ જણાય તો , તે પોલીસી લેવલ નો પ્રશ્ન ગણી શકાય, – જેથી અરજદાર ને રીફંડ આપવા બાબતે જરૂર જણાયે – પીજીવીસીએલ કક્ષાએથી સદર બાબતે યોગ્ય કાર્યવાહી કરવી.

**૩.૩** ટેરીફ શેડ્યુઅલના ક્લોઝ નં. ૧૪.૦૬ના " Power factor adjustment Charges" ના ક્લોઝ નં ૧૪.૦૬(૧) મુજબ...

**14.6.1**

(k) "The power factor adjustment charges shall be levied at the rate of 1% on total amount of Ele. Bills for the month under the head " Energy Charges, arrived at using tariff as per para 14.2 of this schedule, for every 1% of drop or part thereof in the average power factor during the month below 90% up to 85 %.

(l) In addition to the above clause, for every 1 % drop or part thereof in average power factor during the month below 85% @ of 2% on the total amount of Ele. Bill for the month under the head "Energy Charges arrived at using tariff as per para 14.2 of this schedule, will be charged.

**14.6.2**

If the power factor of the consumer's installation in any month is above 95%, the consumer will be entitled for rebate at the rate 0.5% (half percent) in excess of 95% power factor on the total amount of Ele. Bill for the month under the head " Energy Charge" arrived at using tariff as per para 14.2 of this schedule, for every 1% rise or part thereof in the average power factor during the month above 95% .

સદર કેઈસ મા, અરજદાર ની રજુઆત અન્વયે, ટેરીફ શેડ્યુલમાં ક્લોઝ નં ૧૪.૦૬(૧) ને ૧૪.૦૬(૨) માં પાવર ફેક્ટર એડજસ્ટમેન્ટ ચાર્જ માટે કેટલા ડીજીટની ગણતરી કરવી તેનો ઉલ્લેખ નથી પરંતુ ૯૦%, ૮૫% અને ૯૫% એવો ઉલ્લેખ કરેલ છે. જયારે પ્રતિવાદી પાવર ફેક્ટરની ગણતરીમાં ડેસીમલ પોઈન્ટ પછી ના ૩ ડીજીટ (અંક) સુધી ના પાવર ફેક્ટરની ગણતરી કરેલ છે ને તે મુજબ એચ.ટી. વીજ બિલમાં દર્શાવે છે. જે યોગ્ય હોય – વાદીની પાવર ફેક્ટર અંગેની રજૂઆત માન્ય રાખવામાં આવતી નથી.

**૩.૪** સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં.૩.૧ ના અનુસંધાને – ઉપરોકત મુદદા નં. ૨.૧ ના પેટા મુદદા નં. (૧) મા જણાવ્યા મુજબ – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૨/૨૦૧૧ ના મુદદા નં. ૨.૩૦(૩) મા કરાયેલ જોગવાઈ અન્વયે – અરજદારે તા.૧૪–૦૯–૧૮ ના રોજ ની લેખીત રજુઆત થી છેલ્લા ૦૨ વર્ષ સુધી માં – (i) પીજીવીસીએલ પક્ષકાર પાસે સબ મીટર ના મીટર રીડીંગ લેવાયેલ હોય, પરંતુ, જે તે

| | |
|---|---|
| | વખત ના પ્રવર્તમાન વીજકર ની ગણતરી કરાયેલ ન હોય તો – જે તે બીલીગ સાયકલ મુજબ વીજબીલ રીવાઇઝ કરવા અને(ii) મુદદા ન ૩.૨ ના અનુસંધાને પી.એફ. રીબેટ આપવા બાબતેની રજુઆત ગ્રાહય રાખવી તેમજ સદર **બાબત** નિતિવિષયક **બાબત** હોય – જે નિર્ણય આવ્યે – તે મુજબ ની કાર્યવાહી પીજીવીસીએલ પક્ષકાર દ્રારા કરવી અને (iii) મુદદા નં. ૩.૩ અન્વયે વાદીની પાવર ફેક્ટર અંગેની રજૂઆત માન્ય રાખવામાં આવતી નથી. સદર બાબતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવાનો ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.